**વિષય :- વિજ્ઞાન ધોરણ :- 7 પ્રથમ સત્ર**

**પાઠ – 5 ભૌતિક અને રાસાયણિક ફેરફારો 25 marks**

**વિદ્યાર્થીનું નામ:-...................................................................................................**

**1. નીચે આપેલા પ્રશ્નો માટે સાચા વિકલ્પ સામે √ ની નિશાની કરો. 6 marks**

(૧) ખાંડનું દ્રાવણ બનાવવું એ કેવો ફેરફાર છે ?

(અ) ભૌતિક (બ) રાસાયણિક (ક) (અ) અને (બ) બંને (ડ) એકપણ નહિ

(૨) કાટ લાગવો એ કેવી પ્રક્રિયા છે ?

(અ) ભૌતિક (બ) રાસાયણિક (ક) (અ) અને (બ) બંને (ડ) એકપણ નહિ

(3) નીચેના પૈકી કયા સ્થળે લોખંડ કટાવાની પ્રક્રિયા ઝડપી બનશે ?

(અ) રણપ્રદેશમાં (બ) મેદાન પ્રદેશમાં (ક) પર્વત ઉપર (ડ) દરિયા કિનારે

(૪) આમાંથી રાસાયણિક બદલાવ કયો છે ?

(અ)જમીનનું ધોવાણ(બ)પાત્રમાંબટરનું પીગળવું(ક)ઈંડાનું બફાવું(ડ)લાકડાને બે ભાગમાં કાપવું

(5) વિનોદ ચૂનાના નીતર્યા પાણીમાં કોઇ વાયું પસાર કરે છે, તો તે દૂધિયા રંગનું બને છે. આ વાયુંનું નામ જણાવો.

(અ) $O_2$ (બ) $CO_2$ (ક) $II_2$ (ડ) $N_2$

(6) લોખંડને ગેલ્વોઈઝ કરવા કઈ ધાતુ વપરાય છે ?

(અ) ઝિંક (બ) કોપર (ક) એલ્યુમિનિયમ (ડ) ચાંદી

**પ્રશ્ન 2. નીચે આપેલી પ્રક્રિયાઓમાં થતાં ફેરફારોનું ભૌતિક ફેરફાર તથા રાસાયણિક ફેરફારમાં વર્ગીકરણ કરો: 4 marks** પ્રકાશસંશ્લેષણ, પાણીમાં સાકર કે ખાંડનું ઓગળવું, કોલસાનું દહન, મીણનું પીગળવું, ઍલ્યુમિનિયમના ટુકડાને ટીપીને તેમાંથી ઍલ્યુમિનિયમ ફૉઈલ બનાવવી, ખોરાકનું પાચન

ભૌતિક ફેરફાર:

રાસાયણિક ફેરફાર:-

**પ્રશ્ન 3. સાચા વિધાન સામે 'T' કરો અને ખોટા વિધાન સામે 'F' કરો:** **5 marks**

**પ્રશ્ન 1. લાકડાને કાપીને તેના ટુકડા કરવા એ રાસાયણિક ફેરફાર છે. ( )**

**પ્રશ્ન 2. પાંદડાંમાંથી ખાતર બનવું એ રાસાયણિક ફેરફાર છે. ( )**

**પ્રશ્ન 3. લોખંડની પાઈપ પર જસતનો ઢોળ ચડાવતાં તેને જલદી કાટ લાગતો નથી. ( )**

**પ્રશ્ન 4. લોખંડ અને તેના કાટ બંને એક જ પદાર્થ છે. ( )**

**પ્રશ્ન 5. વરાળનું કારણ એ રાસાયણિક ફેરફાર નથી. ( )**

**પ્રશ્ન 4. નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો:** **5 marks**

**પ્રશ્ન 1. જ્યારે ચૂનાના નીતર્યા પાણીમાં કાર્બન ડાયૉક્સાઈડ પસાર કરવામાં આવે છે, ત્યારે તે ........................... ને કારણે દૂધિયું બની જાય છે.**

**પ્રશ્ન 2. બેકિંગ સોડાનું રાસાયણિક નામ .................................. છે.**

**પ્રશ્ન 3. લોખંડને કાટ લાગતા બચાવવાની બે રીતો ......... અને ............... છે.**

**પ્રશ્ન 4. પદાર્થના માત્ર ............ ગુણધર્મમાં થતા ફેરફારને જ ભૌતિક ફેરફાર કહે છે.**

**પ્રશ્ન 5. એવો ફેરફાર જેમાં નવો પદાર્થ બને છે, તેને .......... ફેરફાર કહે છે.**

**5.જ્યારે લીંબુના રસની સાથે બેકિંગ સોડાને ભેળવવામાં આવે છે, ત્યારે પરપોટા થઈને વાયુ મુક્ત થાય છે. આ કયા પ્રકારનો ફેરફાર છે, તે સમજાવો.** **2 marks**

➢

**6. સમજાવો–લોખંડના દરવાજાને રંગવાથી તેને કેવી રીતે કાટ લાગવામાંથી બચાવી શકાય છે.** **3 marks**

➢